# યોગસાર

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર

ૐ

• મુંબઈ •

ૐ

પરમકૃપાળુ દેવાય નમઃ

## શ્રીમદ્ યોગીન્દુદેવ

વિરચિત

# યોગસાર

મૂળ ગાથા

તથા

ગુર્જરાનુવાદ

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર


ૐ

* મુંબઈ *

પ્રકાશક :
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
૧૦-બી, ઈસ્ટ વિંગ, બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટ,
૩૪-તારદેવ,
મુંબઈ-૪૦૦૦૩૪

પર્યુષણ પર્વ, સંવત-૨૦૫૪
ઈ.સ. ૧૯૯૮

મુદ્રક :
કોનમ પ્રીન્ટર્સ
મુંબઈ - ૪૦૦૦૩૪



**શ્રીમદ્ રાજચંદ્ર**

| જન્મ | દેહવિલય |
|---|---|
| કારતક સુદ ૧૫, વિ.સં. ૧૯૨૪ | ચૈત્ર વદ ૫, વિ.સં. ૧૯૫૭ |

# પ્રસ્તાવના

**'મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.'**

પરમ જ્ઞાનાવતાર, સનાતન વીતરાગ માર્ગના ઉદ્ધારક, પ્રચંડ આત્મપરિણામી, પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ ચીંધેલા માર્ગે વિચરનારા, તેઓશ્રીના પરમ ભક્ત સંતહૃદય પ.પૂ. શ્રી રાકેશભાઈની આત્મશ્રેયસ્કારી નિશ્રામાં અમે, 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર'ના મુમુક્ષુઓ છેલ્લા દોઢેક દાયકાથી અમારા આત્મલક્ષનું પરિપ્રેક્ષણ અને અધ્યાત્મરુચિની પરિપુષ્ટિ કરી રહ્યા છીએ. પરમોપકારી શ્રી રાકેશભાઈની સામર્થ્યમયી નિશ્રાના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ અમારી આધ્યાત્મિક સાધના સમગ્ર વર્ષ દરમ્યાન વિધવિધ પ્રકારે પ્રેમોલ્લાસપૂર્વક પ્રગતિરત રહે છે. પ્રતિવર્ષ આ સાધના અંતર્ગત, પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે શુદ્ધ મોક્ષમાર્ગની આરાધનામાં ઉપકારી થાય એવા કોઈ એક અનુભાવક ગ્રંથવિશેષ પર સ્વલક્ષી અધ્યયન-સત્સંગની સાધના પણ સમાવિષ્ટ થયેલ છે.

પર્યુષણના આ આઠ દિવસ પર્યંત જાત અને જગતનું યથાર્થ સ્વરૂપ દર્શાવી સ્વ-પર-ભેદવિજ્ઞાનની આરાધનામાં પ્રેરતી આધ્યાત્મિક સત્સંગશ્રેણી દ્વારા પ.પૂ. શ્રી રાકેશભાઈ, પૂર્વ-નિર્ધારિત પરમાર્થપ્રધાન ગ્રંથના વિષયની વિશિષ્ટ છણાવટ કરી, વર્ષોવર્ષ આ પર્વને તથા એ દરમ્યાન થતી સાધનાને અધિકાધિક જોમવંત અને હેતુલક્ષી બનાવી રહ્યા છે. વિગત વર્ષોના પર્યુષણ પર્વ દરમ્યાન તેઓશ્રીએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત 'અપૂર્વ અવસર' કાવ્ય તથા 'છ પદનો પત્ર', ઉપાધ્યાય શ્રી યશોવિજયજીપ્રણીત 'આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય', કવિવર પંડિત શ્રી દોલતરામજીકૃત 'છ ઢાળા', શ્રીમદ્ પૂજ્યપાદસ્વામીવિરચિત 'સમાધિતંત્ર', વિદ્વદ્વર્ય પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલરચિત

'અનુભવપ્રકાશ' આદિ અનેક સત્કૃતિઓનો આધાર લઈ, વ્યવહાર-નિશ્ચયની સંધિરૂપ, અતીન્દ્રિય નિજસુખની પ્રાપ્તિના માર્ગનો સુંદર ક્રમ જિજ્ઞાસુ ભવ્યાત્માઓ માટે વિશેષપણે અનાવૃત કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની પ્રભાવના તે પ.પૂ. શ્રી રાકેશભાઈની નિષ્કારણ કરુણાની નિષ્પત્તિ છે.

પરમકૃપાળુદેવે પત્રાંક ૭૯૯માં ફરમાવ્યું છે, **'જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્રવિચારરૂપ અવલંબનમાં દઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકાપર્યંત પહોંચવું કઠણ નથી; કઠણ છતાં પણ કઠણ નથી.'** આ શિક્ષાનું અનુસરણ કરવા અર્થે, ઉપરોક્ત મંગળ પરંપરાને અનુલક્ષીને આ વર્ષે શ્રીમદ્ યોગીન્દુદેવવિરચિત શ્રી 'યોગસાર' ગ્રંથ ઉપર સ્વરૂપ-રુચિસંવર્ધક સત્સંગમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાન અધ્યાત્મયોગી શ્રી યોગીન્દુદેવ વિરક્તચિત્ત દિગંબર આચાર્ય હતા. 'પરમાત્મપ્રકાશ' તથા 'યોગસાર' આ બે તેમની પ્રધાન કૃતિઓ છે. સુગમ પ્રાકૃત ભાષામાં રચાયેલ આ અધ્યાત્મગ્રંથોની લેખનશૈલી ચિત્તાકર્ષક છે. શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા હોવાનું માનવામાં આવે છે. તે સિવાય તેમનાં સ્થળ-કાળાદિ વિષે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

અગાધ એવા અધ્યાત્મસાગરને 'યોગસાર'રૂપ ગાગરમાં સમાવનાર શ્રી યોગીન્દુદેવે પ્રસ્તુત ગ્રંથમાં સંસારથી ભયભીત થયેલ આત્માને મુક્તિનો રાહ ચીંધવા તથા પાઠકને તે રાહ પર અવિરત પ્રયાણ કરવાનું અતુલ બળ સાંપડે તે અર્થે વિવિધ પારમાર્થિક વિષયોને સુંદર રીતે વણી લીધા છે. 'યોગસાર' = યોગ + સાર. અહીં 'યોગ'નો અર્થ છે જોડાણ. આત્માનું પોતાના ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ સાથે પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણતિ વડે 'જોડાણ' થવું, તેનું નામ છે યોગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ આ યોગ વિપરીતતા

તેમજ રાગાદિના વિકલ્પરહિત હોવાથી સ્વયમેવ 'સાર' અર્થાત્ ઉત્તમ છે.

જિજ્ઞાસુ ભવ્યાત્માએ અધ્યાત્મથી રસબસતા આ નિશ્ચય-નયપ્રધાન ગ્રંથના અધ્યયન દરમ્યાન પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનાં નિમ્નલિખિત અમૃત વચનો દીવાદાંડીરૂપ બનાવવા યોગ્ય છે :

**'સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરુષની વાણીને કંઇ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં. એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય છે.' (પત્રાંક-૭૭૨)**

**'જેમ જેમ જીવમાં ત્યાગ, વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે, તેમ તેમ સત્પુરુષનાં વચનનું અપૂર્વ અને અદ્‌ભુત સ્વરૂપ ભાસે છે; અને બંધનિવૃત્તિના ઉપાયો સહજમાં સિદ્ધ થાય છે.' (પત્રાંક-૪૯૭)**

પ્રસ્તુત ગ્રંથના મુદ્રણ-ઉપક્રમ અર્થે શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ, અગાસ તથા શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ - ભાવનગર દ્વારા પ્રકાશિત 'યોગસાર'નો આધાર લેવામાં આવ્યો છે. તે માટે પ્રકાશક સંસ્થાઓના ઉપકારનો સ્વીકાર કરીએ છીએ. આ ગ્રંથ પ્રગટ કરવાના સત્કાર્યમાં અનેક મુમુક્ષુઓએ ભક્તિસભર યોગદાન આપ્યું છે, પરંતુ જેમના ઉલ્લસિત પરિશ્રમ વિના આ કાર્યને સુંદર, સુઘડ અને આકર્ષક સ્વરૂપ સાંપડ્યું ન હોત, તે શ્રીમતી સ્મિતાબેન અતુલભાઈ કોઠારીનો તેમજ શ્રી પ્રમેશભાઈ શાહનો અત્રે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

નિજ પરમાત્મપદની પ્રાપ્તિનો પંથ સમ્યક્પણે પ્રકાશનાર આ ગ્રંથનું ભાવપૂર્વક અધ્યયન તથા તજ્જન્ય બોધની સૂક્ષ્મ વિચારણા કરવાથી વસ્તુસ્વરૂપનો નિર્ણય, શુદ્ધાત્માની રુચિ, સત્પુરુષાર્થની વૃદ્ધિ અને આત્મશાંતિનો લાભ થશે. જ્ઞાની

મહાત્માઓની અનુભવમૂલક આર્ષ વાણીના અતિશય થકી સર્વ આત્માર્થી જીવો વિપર્યાસથી મુક્ત થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ યોગસારની પ્રાપ્તિ કરો એ જ ભાવના.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'**

વિનીત
ટ્રસ્ટીમંડળ,
શ્રીમદ્ રાજચંદ્ર -
આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
મુંબઈ.

પર્યુષણ પર્વ,
વિ.સં. ૨૦૫૪.
તા. ૧૯-૮-૧૯૯૮.

મંગલાચરણ - શ્રી સિદ્ધોને નમસ્કાર :–

## ગાથા-૧

णिम्मल-झाण-परिट्ठया कम्म-कलंक डहेवि ।
अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि ॥

નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;
થયા સિદ્ધ પરમાતમા, વંદુ તે જિનરાય.

નિર્મળ ધ્યાનમાં સ્થિત થયા થકા જેણે કર્મરૂપી મલને બાળીને પરમાત્માને પ્રાપ્ત કર્યો છે, તે પરમાત્માને નમસ્કાર કરીને -

શ્રી અરિહંત ભગવાનને નમસ્કાર :–

## ગાથા-૨

घाइ-चउक्कहं किउ विलउ णंत चउक्कुं पदिट्ठु ।
तह जिणइंदहं पय णविवि अक्खमि कव्वु सु-इट्ठु ॥

ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંત ચતુષ્ટ;
તે જિનેશ્વર ચરણે નમી, કહું કાવ્ય સુઈષ્ટ.

જેણે ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે અને અનંત ચતુષ્ટયને પ્રગટ કર્યું છે, તે જિનેન્દ્ર ભગવાનનાં ચરણને નમસ્કાર કરીને હવે હું ઈષ્ટ કાવ્યને કહું છું.

આ ગ્રંથ રચવાનું નિમિત્ત અને પ્રયોજન :–

## ગાથા-૩

संसारहं भयभीयहं मोक्खहं लालसयाहं ।
अप्पा-संबोहण-कयइ कय दोहा एक्कमणाहं ।।

ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એકચિત્ત.

જેઓ સંસારથી ભયભીત છે અને મોક્ષને ઇચ્છે છે, તેમના આત્માને સંબોધવા માટે મેં એકાગ્ર ચિત્તથી આ દોહા રચ્યા છે.

આ ભયંકર સંસારમાં જીવને રખડવાનું કારણ :–

## ગાથા-૪

कालु अणाइ अणाइ जीउ भव-सायरु जि अणंतु ।
मिच्छा-दंसण-मोहियउ णवि सुह दुक्ख जि पत्तु ।।

જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;
મિથ્યામતિ મોહે દુઃખી, કદી ન સુખ લહંત.

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે અને ભવસાગર અનંત છે. તેમાં મિથ્યાદર્શનથી મોહિત જીવ સુખ તો પામ્યો જ નથી, એકલું દુઃખ જ પામ્યો છે.

ત્યારે જીવ ચાર ગતિમાં ભમતો કેમ અટકે?

### ગાથા-૫

जइ बीहउ चउ-गइ-गमणा तो पर-भाव चएहि ।
अप्पा झायहि णिम्मलउ जिम सिव-सुक्ख लहेहि ॥

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ.

હે જીવ! જો તું ચાર ગતિના ભ્રમણથી ડરતો હોય તો પરભાવનો ત્યાગ કર અને નિર્મળ આત્માનું ધ્યાન કર, કે જેથી તું મોક્ષસુખને પામે.

હવે એ ચિંતન કેમ કરવું તે કહે છે :–

### ગાથા-૬

ति-पयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु ।
पर झायहि अंतर-सहिउ बाहिरु चयहि णिभंतु ॥

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;
થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મ સ્વરૂપ.

પરમાત્મા, અંતરાત્મા, બહિરાત્મા એ રીતે આત્મા ત્રણ પ્રકારે છે એમ જાણ. નિઃશંકપણે બહિરાત્માને છોડ અને અંતરાત્મા થઈને પરમાત્માનું ધ્યાન કર.

હવે બહિરાત્માનું સ્વરૂપ કહે છે :-

**ગાથા-૭**

मिच्छा-दंसण-मोहियउ परु अप्पा ण मुणेइ ।
सो बहिरप्पा जिण-भणिउ पुण संसार भमेइ ॥

મિથ્યામતિથી મોહી જન, જાણે નહિ પરમાત્મા;
તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર.

મિથ્યાદર્શનથી મોહિત જે જીવ પરમાત્માને જાણતો નથી તે બહિરાત્મા છે એમ જિન ભગવાને કહ્યું છે. તે બહિરાત્મા ફરી ફરી સંસારમાં પરિભ્રમણ કરે છે.

હવે અંતરાત્માનું સ્વરૂપ વર્ણવે છે :-

**ગાથા-૮**

जो परियाणइ अप्पु परु जो परभाव चएइ ।
सो पंडिउ अप्पा मुणहु सो संसारु मुएइ ॥

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર.

જે પરમાત્માને જાણે છે અને જે પરભાવનો ત્યાગ કરે છે, તે પંડિત અંતરાત્મા છે એમ તું જાણ. તે અંતરાત્મા સંસારને છોડે છે.

પરમાત્માનું સ્વરૂપ :-

**ગાથા-૯**

णिम्मलु णिक्कलु सुद्धु जिणु विण्हु बुद्धु सिव संतु ।
सो परमप्पा जिण-भणिउ एहउ जाणि णिभंतु ।।

નિર્મળ, નિષ્કલ, જિનેન્દ્ર, શિવ, સિદ્ધ, વિષ્ણુ, બુદ્ધ, શાંત;
તે પરમાત્મા જિન કહે, જાણે થઈ નિર્ભ્રાન્ત.

જે નિર્મળ, નિષ્કલ, શુદ્ધ, જિન, વિષ્ણુ, બુદ્ધ, શિવ અને શાંત છે; તે પરમાત્મા છે એમ જિન ભગવાને કહ્યું છે. એ વાતને તમે નિઃશંક જાણો.

બહિરાત્મા પરને પોતારૂપ માને છે :-

**ગાથા-૧૦**

देहादिउ जे परि कहिया ते अप्पाणु मुणेइ ।
सो बहिरप्पा जिणभणिउ पुणु संसारु भमेइ ।।

દેહાદિક જે પર કહ્યા, તે માને નિજરૂપ;
તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ.

જે દેહાદિ પર કહેવામાં આવ્યા છે, તેમને જે પોતારૂપ માને છે, તે બહિરાત્મા છે એમ જિન ભગવાને કહ્યું છે. તે વારંવાર સંસારમાં ભમે છે.

નિજને જાણવા માટેનો ઉપદેશ :-

**ગાથા-૧૧**

देहादिउ जे परि कहिया ते अप्पाणु ण होहिं ।
इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहि ।।

દેહાદિક જે પર કહ્યા, તે નિજરૂપ ન થાય;
એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ.

દેહાદિ કે જે 'પર' કહેવામાં આવ્યા છે, તે નિજરૂપ નથી - એમ જાણીને હે જીવ! તું પોતાને નિજરૂપ જાણ.

પોતાને પોતારૂપ માનવાનો લાભ :-

**ગાથા-૧૨**

अप्पा अप्पउ जइ मुणहि तो णिव्वाणु लहेहि ।
पर अप्पा जइ मुणहि तुहुं तो संसार भमेहि ।।

નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય;
પરરૂપ માને આત્માને, તો ભવભ્રમણ ન જાય.

જો તું પોતાને પોતારૂપ જાણશે તો તું નિર્વાણને પામશે તથા જો તું પોતાને પરરૂપ માનશે તો સંસારમાં ભમશે.

પરમગતિનું કારણ :–

### ગાથા-૧૩

इच्छा-रहियउ तव करहि अप्पा अप्पु मुणेहि ।
तो लहु पावहि परम-गई फुडु संसारु ण एहि ॥

વિણ ઇચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;
સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ.

જો તું ઇચ્છારહિત થઈને તપ કરશે અને પોતાને પોતારૂપ જાણશે તો તું શીઘ્ર જ પરમગતિને પામશે અને તું નિશ્ચયથી ફરી સંસારમાં આવશે નહીં.

બંધ અને મોક્ષનું કારણ :–

### ગાથા-૧૪

परिणामें बंधु जि कहिउ मोक्ख वि तह जि वियाणि ।
इउ जाणेविणु जीव तुहुं तहभाव हु परियाणि ॥

બંધ મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;
નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવે જાણ.

પરિણામથી જ બંધ કહ્યો છે, તેવી જ રીતે મોક્ષ પણ જાણ. (મોક્ષ પણ પરિણામથી જ થાય છે) એમ જાણીને હે જીવ! તું તે ભાવોને બરાબર જાણ.

પુણ્યથી પણ મુક્તિ નથી :-

### ગાથા-૧૫

अह पुणु अप्पा णवि मुणहि पुण्णु जि करहि असेस ।
तो वि ण पावहि सिद्धि-सुहु पुणु संसारु भमेस ॥

નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;
ભમે તોય સંસારમાં, શિવસુખ કદી ન થાય.

વળી, જો તું પોતાને તો જાણતો નથી અને સર્વથા એકલું પુણ્ય જ કરતો રહેશે તોપણ તું વારંવાર સંસારમાં જ ભ્રમણ કરશે, પણ શિવસુખને પામી શકશે નહીં.

એક આત્મદર્શન જ મોક્ષનું કારણ છે :-

### ગાથા-૧૬

अप्पा-दंसणु एक्कु परु अण्णु ण किं पि वियाणि ।
मोक्खहं कारण जोइया णिच्छइं एहउ जाणि ॥

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ.

હે યોગી! એક પરમ આત્મદર્શન જ મોક્ષનું કારણ છે. અન્ય કાંઈ પણ મોક્ષનું કારણ નથી એમ ખરેખર તું જાણ.

શુદ્ધ આત્માને જાણવો તે જ ખરેખર મોક્ષ પામવાનો ઉપાય છે :–

## ગાથા-૧૭

मग्गण-गुण-ठाणइ कहिया विवहारेण वि दिट्ठि ।
णिच्छय-णइँ अप्पा मुणहि जिम पावहु परमेट्ठि ।।

ગુણસ્થાનક ને માર્ગણા, કહે દષ્ટિ વ્યવહાર;
નિશ્ચય આત્મજ્ઞાન તે, પરમેષ્ઠી પદકાર.

વ્યવહારનયની દષ્ટિથી જ માર્ગણાસ્થાનો અને ગુણસ્થાનો કહેવામાં આવ્યાં છે. નિશ્ચયનયથી તો કેવળ એક આત્મા જ જાણ, કે જેને જાણવાથી તું પરમેષ્ઠીપદને પામશે.

હેય-ઉપાદેયને જાણનાર ગૃહસ્થ પણ નિર્વાણપદને પામે છે :–

## ગાથા-૧૮

गिहि-वावार-परिट्ठिया हेयाहेउ मुणंति ।
अणुदिणु झायहिं देउ जिणु लहु णिव्वाणु लहंति ।।

ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ.

જેઓ ગૃહસ્થનાં કાર્યોમાં પ્રવર્તવા છતાં પણ હેય-ઉપાદેયને જાણે છે અને રાતદિવસ (નિરંતર) જિનદેવને ધ્યાવે છે, તેઓ શીઘ્ર નિર્વાણને પામે છે.

જિનેન્દ્રનું સ્મરણ પરમપદનું કારણ છે :-

**ગાથા-૧૯**

जिणु सुमिरहु जिणु चिंतहु जिणु झायहु सुमणेण ।
सो झायंतहं परम-पउ लब्भइ एक्क-खणेण ।।

જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;
તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ.

શુદ્ધ મનથી જિનનું સ્મરણ કરો, જિનનું ચિંતન કરો અને જિનનું ધ્યાન કરો. તેમનું ધ્યાન કરતાં એક ક્ષણમાં પરમપદ પ્રાપ્ત થાય છે.

પોતાનો શુદ્ધ આત્મા અને જિનવરમાં કાંઈ પણ ભેદ નથી :-

**ગાથા-૨૦**

सुद्धप्पा अरु जिणवरहं भेउ म किं पि वियाणि ।
मोक्खहं कारणे जोइया णिच्छइं एउ विजाणि ।।

જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;
મોક્ષાર્થે હે યોગીજન! નિશ્ચયથી એ માન.

પોતાનો શુદ્ધ આત્મા અને જિન ભગવાનમાં કાંઈ પણ ભેદ ન જાણ. હે યોગી! મોક્ષના અર્થે નિશ્ચયથી એમ જાણ.

જિન તે જ આત્મા છે એ સિદ્ધાંતનો સાર છે :–

**ગાથા-૨૧**

जो जिणु सो अप्पा मुणहु इहु सिद्धंतहं सारु ।
इउ जाणेविणु जोइयहो छंडहु मायाचारु ।।

જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;
એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર.

જે જિન છે તે આત્મા છે - એ સિદ્ધાંતનો સાર છે એમ તમે સમજો. એમ સમજીને હે યોગીઓ! તમે માયાચારને છોડો.

હું જ પરમાત્મા છું :–

**ગાથા-૨૨**

जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु ।
इउ जाणेविणु जोइया अण्णु म करहु वियप्पु ।।

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
એમ જાણી હે યોગીજન! કરો ન કાંઈ વિકલ્પ.

જે પરમાત્મા છે તે જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે - એમ જાણીને હે યોગી! અન્ય વિકલ્પ ન કરો.

આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે :–

## ગાથા-૨૩

सुद्ध-पएसहं पूरियउ लोयायास-पमाणु ।
सो अप्पा अणुदिणु मुणहु पावहु लहु णिव्वाणु ।।

શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશપ્રમાણ;
તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ.

જે લોકાકાશપ્રમાણ શુદ્ધ (અસંખ્યાત) પ્રદેશોથી પૂર્ણ છે તેને સદા આત્મા જાણો અને શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરો.

નિશ્ચયથી આત્મા લોકપ્રમાણ છે અને વ્યવહારથી સ્વશરીર-પ્રમાણ છે :–

## ગાથા-૨૪

णिच्छइं लोय-पमाणु मुणि ववहारें सुसरीरु ।
एहउ अप्प-सहाउ मुणि लहु पावहि भव-तीरु ।।

નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર;
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર.

નિશ્ચયનયથી આત્મા લોકપ્રમાણ (લોકાકાશના માપ જેટલા માપવાળો) અને વ્યવહારનયથી સ્વશરીરપ્રમાણ (પોતાના શરીરના માપ જેટલા માપવાળો) તું જાણ. આ આત્મસ્વભાવ તું જાણ અને શીઘ્ર જ સંસારને પાર પામ.

અનાદિ કાળથી જીવ સમ્યક્ત્વ પામ્યો નથી :–

### ગાથા-૨૫

चउरासी लक्खहिं फिरिउ कालु अणाइ अणंतु ।
पर सम्मत्तु ण लद्धु जिय एहउ जाणि णिभंतु ।।

લક્ષચોરાશી યોનિમાં, ભમિયો કાળ અનંત;
પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાન્ત.

અનાદિ કાળમાં અનંત કાળ જીવ ચોરાશી લાખ યોનિમાં ભટક્યો પણ સમ્યક્ત્વ પામ્યો નહીં. હે જીવ! આ નિઃસંદેહ જાણ.

મોક્ષ પામવા માટે શું કરવું?

### ગાથા-૨૬

सुद्धु सचेयणु बुद्धु जिणु केवल-णाण-सहाउ ।
सो अप्पा अणुदिणु मुणहु जइ चाहहु सिव-लाहु ।।

શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન, કેવલજ્ઞાનસ્વભાવ;
એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ.

જો મોક્ષ પામવાની ઇચ્છા કરતા હો તો જે શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન, કેવળજ્ઞાનસ્વભાવમય છે, તે આત્મા છે એમ સદાય જાણો.

નિર્મળ આત્માની ભાવના કરવાથી જ મોક્ષ થશે :–

## ગાથા-૨૭

जाम ण भावहि जीव तुहुं णिम्मल अप्प-सहाउ ।
ताम ण लब्भइ सिव-गमणु जहिं भावइ तहि जाउ ॥

જ્યાં લગી શુદ્ધ સ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;
ત્યાં લગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ.

જ્યાં સુધી તું નિર્મળ આત્મસ્વભાવની ભાવના નહીં કરે ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. હે જીવ! જ્યાં રુચે ત્યાં જાઓ.

ત્રણ લોકના ધ્યેય જે જિન તે જ આત્મા છે :–

## ગાથા-૨૮

जो तइलोयहं झेउ जिणु सो अप्पा णिरु वुत्तु ।
णिच्छय-णइँ एमइ भणिउ एहउ जाणि णिभंतु ॥

ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;
નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાંતિ ન આણ.

ત્રણ લોકના ધ્યેય જે જિન ભગવાન છે તે નિશ્ચયથી આત્મા છે, એ પ્રમાણે નિશ્ચયનયથી કહ્યું છે. એ વાતને તું નિઃસંશય જાણ.

આત્મજ્ઞાન વિના વ્રતાદિ મોક્ષનાં કારણ થતાં નથી :-

### ગાથા-૨૯

वय-तव-संजम-मूल-गुण मूढहं मोक्ख ण वुत्तु ।
जाव ण जाणइ इक्क पर सुद्धउ भाउ पवित्तु ।।

જ્યાં લગી એક ન જાણિયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
મૂઢ તણાં વ્રત-તપ સહુ, શિવહેતુ ન કહાય.

જ્યાં સુધી એક પરમ, શુદ્ધ, પવિત્ર ભાવ જાણવામાં આવતો નથી, ત્યાં સુધી મૂઢ અજ્ઞાની જીવોનાં વ્રત, તપ, સંયમ અને મૂલગુણોને મોક્ષનાં કારણ કહી શકાતાં નથી.

આત્માને જાણવો તે મોક્ષનું કારણ છે :-

### ગાથા-30

जइ णिम्मल अप्पा मुणइ वय-संजम-संजुत्तु ।
तो लहु पावइ सिद्धि-सुह इउ जिणणाहहं उत्तु ।।

જે શુદ્ધાત્મ અનુભવે, વ્રતસંયમસંયુક્ત;
જિનવર ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ.

જો જીવ વ્રતસંયમથી સંયુક્ત થઈને નિર્મળ આત્માને જાણે છે - અનુભવે છે, તો તે શીઘ્ર જ સિદ્ધિસુખને પામે છે એમ જિનનાથનું કથન છે.

આત્મજ્ઞાન વિના એકલું વ્યવહાર ચારિત્ર વૃથા છે :–

## ગાથા-૩૧

वउ तव संजमु सीलु जिय ए सव्वइं अकयत्थु ।
जांव ण जाणइ इक्क परु सुद्धउ भाउ पवित्तु ॥

જ્યાં લગી એક ન જાણિયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
વ્રત-તપ-સંયમ-શીલ સહુ, ફોગટ જાણો સાવ.

જ્યાં સુધી એક પરમ, શુદ્ધ, પવિત્ર ભાવ જાણવામાં આવતો નથી, ત્યાં સુધી હે જીવ! વ્રત, તપ, સંયમ અને શીલ એ સર્વ અકૃતાર્થ છે (અસફલ છે, વ્યર્થ છે).

પુણ્યપાપ બન્ને સંસાર છે, આત્મજ્ઞાન જ મોક્ષનું કારણ છે :–

## ગાથા-૩૨

पुण्णिं पावइ सग्ग जिउ पावएं णरय-णिवासु ।
बे छंडिवि अप्पा मुणइ तो लब्भइ सिववासु ॥

પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરકનિવાસ;
બે તજી જાણે આત્મને, તે પામે શિવવાસ.

પુણ્યથી જીવ સ્વર્ગ પામે છે અને પાપથી નરકવાસ પામે છે. પુણ્યપાપ એ બન્નેને છોડીને જો આત્માને જાણે તો શિવવાસ પામે.

પરમાર્થનો પંથ એક જ છે :–

## ગાથા-33

वउ तउ संजमु सील जिया इउ सव्वइं ववहारु ।
मोक्खहं कारणु एक्कु मुणि जो तइलोयहं सारु ।।

વ્રત-તપ-સંયમ-શીલ જે, તે સઘળાં વ્યવહાર;
શિવ કારણ જીવ એક છે, ત્રિલોકનો જે સાર.

હે જીવ! વ્રત, તપ, સંયમ અને શીલ એ સર્વ વ્યવહાર છે - વ્યવહારથી કહેવામાં આવે છે. મોક્ષનું કારણ તો એક જ જાણો કે જે ત્રણ લોકનો સાર છે.

પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે :–

## ગાથા-3૪

अप्पा अप्पइं जो मुणइ जो परभाउ चएइ ।
सो पावइ सिवपुरि-गमणु जिणवरु एम भणेइ ।।

આત્મભાવથી આત્મને, જાણે તજી પરભાવ;
જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય.

જે આત્માથી આત્માને જાણે છે (પોતાથી પોતાને જાણે છે) અને જે પરભાવને છોડી દે છે તે શિવપુરીમાં જાય છે એમ જિનવર કહે છે.

નવ તત્ત્વને નિર્ણયપૂર્વક જાણો :-

### ગાથા-૩૫

छह दव्वइं जे जिण-कहिया णव पयत्थ जे तत्त ।
विवहारेण य उत्तिया ते जाणियहि पयत्त ।।

ષટ્ દ્રવ્યો જિન-ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;
ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન.

જિનવરદેવે કહેલાં જે છ દ્રવ્યો, નવ પદાર્થો અને સાત તત્ત્વો છે, તે વ્યવહારથી કહેવામાં આવ્યાં છે. તેમને તું પ્રયત્નશીલ થઈને જાણ (તેમને તું નિર્ણયપૂર્વક જાણ).

સર્વ પદાર્થોમાં એક જીવ જ સારભૂત છે :-

### ગાથા-૩૬

सव्व अचेयण जाणि जिय एक्क सचेयणु सारु ।
जो जाणेविणु परम-मुणि लहु पावइ भवपारु ।।

શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર;
જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર.

(પુદ્‌ગલાદિ) સર્વ(પાંચ દ્રવ્યો)ને અચેતન જાણો. સારભૂત કેવળ એક જીવ જ સચેતન છે. જેને જાણીને પરમ મુનિ શીઘ્ર જ સંસારનો પાર પામે છે.

શુદ્ધ આત્માને જાણવાથી જ સંસારનો પાર પમાય છે :–

## ગાથા-૩૭

जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु ववहारु ।
जिण-सामिउ एमइ भणइ लहु पावइ भवपारु ॥

જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;
જિનપ્રભુજી એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર.

જો સર્વ વ્યવહારને છોડીને તું નિર્મળ આત્માને જાણશે, તો તું શીઘ્ર જ સંસારથી પાર પામશે એમ જિનેશ્વર ભગવાન કહે છે.

ભેદજ્ઞાન સર્વસ્વ છે :–

## ગાથા-૩૮

जीवाजीवहं भेउ जो जाणइ तिं जाणियउ ।
मोक्खहं कारण एउ भणइ जोइ जोइहिं भणिउं ॥

જીવ-અજીવના ભેદનું, જ્ઞાન તે જ છે જ્ઞાન;
કહે યોગીજન યોગી હે! મોક્ષહેતુ એ જાણ.

હે યોગી! જે જીવ-અજીવનો ભેદ જાણે છે, તેણે સર્વ જાણ્યું છે. એ મોક્ષનું કારણ છે એમ યોગીશ્વરોએ કહ્યું છે.

આત્મા કેવળજ્ઞાનસ્વભાવી છે :–

## ગાથા-૩૯

केवल-णाण-सहाउ सो अप्पा मुणि जीव तुहुं ।
जइ चाहहि सिव-लाहु भणइ जोइ जोइहिं भणिउं ॥

યોગી કહે રે જીવ તું, જો ચાહે શિવલાભ;
કેવલજ્ઞાનસ્વભાવી આ, આત્મતત્ત્વને જાણ.

હે યોગી! જો તું મોક્ષ પામવા ચાહતો હો તો કેવળજ્ઞાનસ્વભાવી આત્માને જીવ કહ્યો છે એમ તું જાણ. આમ યોગીશ્વરોએ કહ્યું છે.

જ્ઞાનીને દરેક જગ્યાએ એક આત્મા જ દેખાય છે :–

## ગાથા-૪૦

को (?) सुसमाहि करउ को अंचउ छोपु-अछोपु करिवि को वंचउ ।
हल सहि कलहु केण समाणउ जहिं कहिं जोवउ तहिं अप्पाणउ ॥

કોણ કોની મૈત્રી કરે, કોની સાથે ક્લેશ;
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ.

ભલે કોઈ સુસમાધિ કરો, કોઈ અર્ચન કરો, કોઈ સ્પર્શાસ્પર્શ કરીને વંચના (માયા) કરો, કોઈની સાથે મૈત્રી કે કોઈની સાથે કલહ કરો. જ્યાં ક્યાંય જુઓ ત્યાં એક (કેવળ) આત્મા જ આત્મા દેખો.

અનાત્મજ્ઞાની કુતીર્થોમાં ભમે છે :–

## ગાથા-૪૧

ताम कुतित्थइं परिभमइ धुत्तिम ताम करेइ ।
गुरुहु पसाए जाम णवि अप्पा-देउ मुणेइ ॥

સદ્‌ગુરુ વચન પ્રસાદથી, જાણે ન આતમદેવ;
ભમે કુતીર્થે ત્યાં સુધી, કરે કપટના ખેલ.

ગુરુપ્રસાદથી જ્યાં સુધી જીવ આત્મદેવને જાણતો નથી, ત્યાં સુધી તે કુતીર્થોમાં પરિભ્રમણ કરે છે અને ત્યાં સુધી તે ધૂર્તપણું (ઢોંગ) કરે છે.

દેહદેવાલયમાં જિનદેવ છે :–

## ગાથા-૪૨

तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि-वुत्तु ।
देहा-देवलि देउ जिणु एहउ जाणि णिरुत्तु ॥

તીર્થ-મંદિરે દેવ નહિ, એ શ્રુતકેવળીવાણ;
તન-મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ.

તીર્થોમાં અને દેવાલયમાં દેવ નથી એમ શ્રુતકેવલીએ કહ્યું છે. દેહદેવાલયમાં જિનદેવ છે એમ તમે નક્કી.જાણો.

દેવાલયમાં દેવ નથી :-

**ગાથા-૪૩**

देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएइ ।
हासउ महु पडिहाइ इहु सिद्धे भिक्ख भमेइ ॥

તન-મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;
હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત.

દેહદેવાલયમાં જિનદેવ છે, પણ લોકો તેને (ઈંટ-પથ્થરનાં) દેવાલયોમાં દેખે છે - તે મને હાસ્યાસ્પદ લાગે છે. એ વાત એવી છે કે કોઈ મનુષ્ય સિદ્ધિ (ધનાદિકની સિદ્ધિ) હોવા છતાં પણ ભિક્ષા માટે ભટકે છે.

સમભાવરૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખ :-

**ગાથા-૪૪**

मूढा देवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्ति ।
देहा-देवलि देउ जिणु सो बुज्झहि समचित्ति ॥

નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ, ચિત્ર;
તન-મંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત.

હે મૂઢ! દેવ દેવાલયમાં પણ નથી, એવી રીતે કોઈ પથ્થર, લેપ કે ચિત્રમાં પણ નથી. જિનદેવ તો દેહદેવાલયમાં છે, તેને તું સમચિત્તથી (શાંત ભાવે) જાણ.

જ્ઞાની જ દેહદેવાલયમાં પરમાત્માને દેખે છે :–

### ગાથા-૪૫

तित्थइ देउलि देउ जिणु सव्वु वि कोइ भणेइ ।
देहा-देउलि जो मुणइ सो बुहु को वि हवेइ ॥

તીર્થ-મંદિરે જિન, લોક કથે સહુ એમ;
વિરલા જ્ઞાની જાણતા, તન-મંદિરમાં દેવ.

તીર્થમાં અને દેવાલયમાં જિનદેવ છે એમ સર્વ કોઈ કહે છે, પણ જે દેહદેવાલયમાં જિનદેવને જાણે એવા પંડિત તો કોઈ વિરલા જ હોય છે.

ધર્મરસાયણ પીવાથી અજર અમર થવાય છે :–

### ગાથા-૪૬

जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि ।
धम्म-रसायणु पियहि तुहुं जिम अजरामर होहि ॥

જરા-મરણ ભયભીત જો, ધર્મ તું કર ગુણવાન;
અજરામર પદ પામવા, કર ધર્મૌષધિ પાન.

હે જીવ! જો તું જરા, મરણથી દુઃખી છે (ભયભીત છે), તો ધર્મ કર. તું ધર્મરૂપી રસાયણનું પાન કર કે જેથી તું અજર અમર થઈ જશે.

બાહ્ય ક્રિયાથી ધર્મ થતો નથી :–

**ગાથા-૪૭**

धम्मु ण पढियइं होइ धम्मु ण पोत्था-पिच्छियइं ।
धम्मु ण मढिय-पएसि धम्मु ण मत्था-लुंचियइं ॥

શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;
રાખે વેશ મુનિ તણો, ધર્મ ન થાયે લેશ.

શાસ્ત્રો ભણવાથી ધર્મ થતો નથી, પુસ્તક અને પિચ્છિથી પણ ધર્મ થતો નથી, મઠમાં રહેવાથી પણ ધર્મ થતો નથી અને માથાનો લોચ કરવાથી પણ ધર્મ થતો નથી.

રાગદ્વેષનો ત્યાગ કરીને આત્મામાં વસવું તે ધર્મ છે :–

**ગાથા-૪૮**

राय-रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ ।
सो धम्मु वि जिण-उत्तियउ जो पंचम-गइ णेइ ॥

રાગ-દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;
જિનવર ભાષિત ધર્મ તે, પંચમગતિ લઈ જાય.

રાગ અને દ્વેષ બન્નેને છોડીને - વીતરાગ થઈને નિજ આત્મામાં વસવું તેને જ જિનદેવે ધર્મ કહ્યો છે કે જે મોક્ષમાં લઈ જાય છે.

આશા-તૃષ્ણા વગેરે સંસારનાં કારણો છે :–

## ગાથા-૪૯

आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ ।
मोहु फुरइ णवि अप्प-हिउ इम संसार भमेइ ॥

મન ન ઘટે, આયુ ઘટે, ઘટે ન ઇચ્છા મોહ;
આત્મહિત સ્ફુરે નહિ, એમ ભમે સંસાર.

ક્ષણે ક્ષણે આવરદા ઘટતી જાય છે, પણ મન મરી જતું નથી અને આશા પણ જતી નથી; મોહ સ્ફુરે છે પણ આત્મહિત સ્ફુરતું નથી - આ રીતે જીવ સંસારમાં ભમે છે.

આત્મામાં રમણ કરનાર નિર્વાણને પામે છે :–

## ગાથા-૫૦

जेहउ मणु विसयहं रमइ तिमु जइ अप्प मुणेइ ।
जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ ॥

જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;
શીઘ્ર મળે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન.

હે યોગીજનો! જેવી રીતે મન વિષયોમાં રમે છે, તેવી રીતે જો તે આત્માને જાણે - આત્મામાં રમે તો શીઘ્ર જ નિર્વાણ મળે એમ યોગી કહે છે.

આત્મભાવનાથી સંસારનો પાર પમાય :-

### ગાથા-૫૧

जेहउ जज्जरु णरय-घरु तेहउ बुज्झि सरीरु ।
अप्पा भावहि णिम्मलउ लहु पावहि भवतीरु ।।

નર્કવાસ સમ જર્જરિત, જાણો મલિન શરીર;
કરી શુદ્ધાતમ ભાવના, શીઘ્ર લહો ભવતીર.

હે જીવ! જેવી રીતે નરકસ્થાન દુર્ગંધથી જર્જરિત છે, તેવી રીતે શરીરને પણ મલમૂત્ર આદિથી જર્જરિત જાણ. તેથી નિર્મળ આત્માની ભાવના કર, તો તું શીઘ્ર જ સંસારથી પાર પામશે.

વ્યવહારમાં ડૂબેલા જીવો આત્માને ઓળખી શકતા નથી :-

### ગાથા-૫૨

धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति ।
तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति ।।

વ્યાવહારિક ધંધે ફસ્યા, કરે ન આતમજ્ઞાન;
તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ.

જગતના સર્વ જીવો વ્યાસંગમાં વ્યાસક્ત છે (પોતાના કામમાં મશગૂલ છે, પોતાના વ્યવસાયમાં રચ્યાપચ્યા છે), પોતાના ધંધામાં - વ્યવહારમાં પડેલા છે, ગૃહસ્થનાં કાર્યોમાં પ્રવર્તે છે અને પોતાના આત્માને જાણતા જ નથી. તે કારણે આ જીવો નિશ્ચયથી નિર્વાણને પામતા નથી એ વાત સ્પષ્ટ છે.

શાસ્ત્રપઠન આત્મજ્ઞાન વિના નિષ્ફલ છે :–

## ગાથા-૫૩

सत्थ पढंतह ते वि जड अप्पा जे ण मुणंति ।
तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति ।।

શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ;
તે કારણ એ જીવ ખરે, પામે નહિ નિર્વાણ.

શાસ્ત્ર ભણવા છતાં પણ જેઓ આત્માને જાણતા નથી તેઓ પણ જડ છે. તે કારણે આ જીવો નિશ્ચયથી નિર્વાણને પામતા નથી એ વાત સ્પષ્ટ છે.

ઇન્દ્રિય અને મનના નિરોધથી સહજ સ્વરૂપ ઉત્પન્ન થાય છે :–

## ગાથા-૫૪

मणु-इंदिहि वि छोडियइ (?) बुहु पुच्छियइ ण कोइ ।
रायहं पसरु णिवारियइ सहज उपज्जइ सोइ ।।

મન-ઇન્દ્રિયથી દૂર થા, શી બહુ પૂછે વાત?
રાગપ્રસાર નિવારતાં, સહજ સ્વરૂપ ઉત્પાદ.

જો મન અને ઇન્દ્રિયોથી છૂટી જવાય તો કોઈ પણ પંડિતને પૂછવાની જરૂર રહેતી નથી. જો રાગનો પ્રસર રોકાઈ જાય તો તે સહજ સ્વરૂપ (તે સહજ આત્મસ્વરૂપ) ઉત્પન્ન થાય છે.

ભેદજ્ઞાનથી ભવપારતા :-

### ગાથા-૫૫

पुग्गलु अण्णु जि अण्णु जिउ अण्णु वि सहु ववहारु ।
चयहि वि पुग्गलु गहहि जिउ लहु पावहि भवपारु ॥

જીવ-પુદ્‌ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;
તજ પુદ્‌ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર.

પુદ્‌ગલ ભિન્ન છે, જીવ ભિન્ન છે અને સર્વ વ્યવહાર ભિન્ન છે. તેથી પુદ્‌ગલને તું છોડ અને જીવને ગ્રહણ કર, તો તું શીઘ્ર જ ભવપારને પામશે.

કોણ સંસારથી છુટકારો પામતા નથી?

### ગાથા-૫૬

जे णवि मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति ।
ते जिण-णाहहं उत्तिया णउ संसार मुचंति ॥

સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;
છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન.

જેઓ જીવને નિશ્ચયથી માનતા જ નથી અને જેઓ જીવને જાણતા જ નથી, તેઓ તો સંસારથી છૂટતા જ નથી એમ જિનવરે કહ્યું છે.

મોક્ષ સંબંધી નવ દૃષ્ટાંતો :–

## ગાથા-૫૭

रयण दीउ दिणयर दहिउ दुध्दु घीव पाहाणु ।
सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु ॥

રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પથ્થર ને હેમ;
સ્ફટિક રજત ને અગ્નિ નવ, જીવ જાણવો તેમ.

રત્ન,[૧] દીપ,[૨] સૂર્ય,[૩] દહીં-દૂધ-ઘી,[૪] પાષાણ,[૫] સુવર્ણ,[૬] રૂપું,[૭] સ્ફટિકમણિ[૮] અને અગ્નિ[૯] એ નવ દૃષ્ટાંત જાણો. એ નવ દૃષ્ટાંતો મોક્ષના વિષયમાં જાણવા.

દેહાદિરૂપ હું નથી, એ જ્ઞાન મોક્ષનું બીજ છે :–

## ગાથા-૫૮

देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु ।
सो लहु पावइ (?) बंभु परु केवलु करइ पयासु ॥

દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;
તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ.

શૂન્ય આકાશની જેમ જે દેહાદિને પર જાણે છે તે શીઘ્ર પરમ બ્રહ્મને પામે છે અને તે કેવળ પ્રકાશને કરે છે - કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે.

આકાશની જેમ આત્મા શુદ્ધ છે :–

## ગાથા-૫૯

जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु ।
आयासु वि जडु जाणि जिय अप्पा चेयणुवंतु ।।

જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;
જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ.

હે જીવ! જેવી રીતે આકાશ શુદ્ધ છે, તેવી રીતે આત્મા શુદ્ધ છે; પણ હે જીવ! આકાશને જડ જાણ અને આત્માને ચેતનવંત જાણ (ચૈતન્ય લક્ષણથી યુક્ત જાણ).

પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે :–

## ગાથા-૬૦

णासग्गिं अब्भिंतरहं जे जोवहिं असरीरु ।
बाहुडि जम्मि ण संभवहिं पिवहिं ण जणणी-खीरु ।।

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર.

જેઓ નાસિકા પર દષ્ટિ રાખીને અભ્યંતરમાં અશરીર (આત્મા)ને દેખે છે, તેઓ ફરી આ લજ્જાજનક જન્મમાં ઊપજતા નથી અને તેઓ માતાનું દૂધ પીતા નથી.

નિર્મોહી થાઓ અને શરીરને પોતાનું ન માનો :–

## ગાથા-૬૧

असरीरु वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि ।
मिच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि ।।

તનવિરહિત ચૈતન્યતન, પુદ્‌ગલતન જડ જાણ;
મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન.

અશરીરને જ (આત્માને જ) સુંદર શરીર જાણો અને આ પુદ્‌ગલશરીરને જડ જાણો. મિથ્યામોહનો ત્યાગ કરો અને પોતાના શરીરને પોતાનું ન માનો.

આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને અવિનાશી સુખની પ્રાપ્તિ છે :–

## ગાથા-૬૨

अप्पइं अप्पु मुणंतयहं किं णेहा फलु होइ ।
केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ ।।

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય?
પ્રગટે કેવલજ્ઞાન ને, શાશ્વત સુખ પમાય.

આત્માથી આત્માને જાણતાં અહીં કયું ફળ ન મળે? (બીજું તો શું) તેથી તો જીવને કેવળજ્ઞાન પરિણમે છે (ઉત્પન્ન થાય છે) અને શાશ્વત સુખ મળે છે.

આત્મજ્ઞાન સંસારથી છૂટવાનું કારણ છે :–

**ગાથા-૬૩**

जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति ।
केवल-णाण-सरूव लइ (लहि?) ते संसारु मुंचति ।।

જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;
કેવલજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ.

જે મુનિઓ પરભાવ છોડીને આત્માને આત્મા વડે જાણે છે (પોતાને પોતા વડે જાણે છે), તેઓ કેવળજ્ઞાનસ્વરૂપ પામીને સંસારને છોડે છે.

ધન્ય તે ભગવંતોને :–

**ગાથા-૬૪**

धण्णा ते भयवंत बुह जे परभाव चयंति ।
लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति ।।

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોકપ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ.

ધન્ય તે ભગવાન જ્ઞાનીઓને કે જેઓ પરભાવને છોડે છે અને લોકાલોકપ્રકાશક નિર્મળ આત્માને જાણે છે.

આત્મરમણતા શિવસુખનો ઉપાય છે :–

### ગાથા-૬૫

सागारु वि णागारु कु वि जो अप्पाणि वसेइ ।
सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ ।।

મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;
શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન.

શ્રાવક હો કે મુનિ હો કે કોઈ પણ હો, પણ જે આત્મામાં વસે છે, તે શીઘ્ર જ મોક્ષના સુખને પામે છે એમ જિનવર કહે છે.

કોઈ વિરલા જ તત્ત્વજ્ઞાની હોય છે :–

### ગાથા-૬૬

विरला जाणहिं तत्तु बुह विरला णिसुणहिं तत्तु ।
विरला झायहिं तत्तु जिय विरला धारहिं तत्तु ।।

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.

હે જીવ! કોઈ વિરલ જ્ઞાનીઓ તત્ત્વને જાણે છે, કોઈ વિરલા જ તત્ત્વને સાંભળે છે, કોઈ વિરલા જ તત્ત્વને ધ્યાવે છે અને કોઈ વિરલા જ તત્ત્વને ધારે છે.

કુટુમ્બમોહ ત્યાગવા યોગ્ય છે :–

**ગાથા-૬૭**

इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहं हेउ ।
इम चिंततहं किं करइ लहु संसारहं छेउ ॥

આ પરિવાર ન મુજ તણો, છે સુખ-દુઃખની ખાણ;
જ્ઞાનીજન એમ ચિંતવી, શીઘ્ર કરે ભવહાણ.

આ કુટુમ્બપરિવાર ખરેખર મારો નથી, એ માત્ર સુખદુ:ખનું જ કારણ છે - એમ ચિંતવતાં શીઘ્ર જ સંસારનો છેદ કરે છે.

અશરણ ભાવના (સંસારમાં કોઈ પોતાને શરણ થતું નથી) :–

**ગાથા-૬૮**

इंद-फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति ।
असरणु जाणिवि मुणि-धवला अप्पा अप्प मुणंति ॥

ઈન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ, નહીં શરણ દાતાર;
શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ.

ઈન્દ્ર, ફણીન્દ્ર અને નરેન્દ્ર પણ જીવોને શરણભૂત થઈ શકતા નથી. એ રીતે પોતાને અશરણ જાણીને ઉત્તમ મુનિઓ પોતા વડે પોતાને જાણે છે.

એકત્વ ભાવના (જીવ એકલો જ સુખદુઃખ ભોગવે છે) :–

**ગાથા-૬૯**

इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु ।
णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु ।।

જન્મ-મરણ એક જ કરે, સુખ-દુઃખ વેદે એક;
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક.

જીવ એકલો જ ઊપજે છે અને એકલો જ મરે છે, એકલો જ સુખદુઃખને ભોગવે છે, નરકમાં પણ એકલો જ જાય છે અને નિર્વાણને પણ એકલો જ પામે છે.

એકત્વ ભાવના જાણવાનું પ્રયોજન :–

**ગાથા-૭૦**

एक्कुलउ जइ जाइसिहि तो परभाव चएहि ।
अप्पा झायहि णाणमउ लहु सिव-सुक्ख लहेहि ।।

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષ સુખ થાય.

હે જીવ! જો તું એકલો જ છે તો પરભાવને છોડ અને જ્ઞાનમય આત્માનું ધ્યાન કર, જેથી તું શીઘ્ર જ મોક્ષ-સુખને પામશે.

પુણ્યને પાપ કહેનાર કોઈ વિરલા જ છે :–

## ગાથા-૭૧

जो पाउ वि सो पाउ मुणि सव्वु इ को वि मुणेइ ।
जो पुण्णु वि पाउ वि भणइ सो बुह (?) को वि हवेइ ॥

પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ.

જે પાપ છે, તે પાપ છે એમ તો સર્વ કોઈ જાણે છે, પણ જે પુણ્ય છે, તે પણ પાપ છે એમ કહે છે એવો પંડિત કોઈ વિરલ જ હોય છે.

પુણ્ય અને પાપ બન્ને હેય છે :–

## ગાથા-૭૨

जह लोहम्मिय णियड बुह तह सुण्णम्मिय जाणि ।
जं सुहु असुह परिच्चयहिं ते वि हवंति हु णाणि ॥

લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;
જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ.

હે પંડિત! જેવી રીતે લોઢાની પણ બેડી છે, તેવી રીતે સોનાની પણ બેડી છે એમ તું જાણ. (અર્થાત્ જેવી રીતે લોઢાની બેડી બંધન કરે છે, તેવી રીતે સોનાની બેડી પણ બંધન કરે છે. એ દૃષ્ટાંતથી પુણ્યપાપ બન્નેને બંધનરૂપ જાણી) જેઓ શુભ-અશુભ બન્ને ભાવોને છોડે છે, તેઓ જ ખરેખર જ્ઞાનીઓ છે.

ભાવનિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે :–

## ગાથા-૭૩

जइया मणु णिग्गंथु जिय तइया तुहुं णिग्गंथु ।
जइया तुहुं णिग्गंथु जिय तो लब्भइ सिवपंथु ॥

જો તુજ મન નિર્ગ્રંથ છે, તો તું છે નિર્ગ્રંથ;
જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ.

હે જીવ! જો મન નિર્ગ્રંથ હોય તો તું નિર્ગ્રંથ છો; અને હે જીવ! જો તું નિર્ગ્રંથ હો તો તને મોક્ષમાર્ગની પ્રાપ્તિ હોય છે.

દેહમાં દેવ છે :–

## ગાથા-૭૪

जं वडमज्झहं बीउ फुडु बीयहं वडु वि हु जाणु ।
तं देहहं देउ वि मुणहि जो तइलोय-पहाणु ॥

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન.

જેવી રીતે નિશ્ચયથી વડમાં બીજ છે અને નિશ્ચયથી બીજમાં વડ પણ છે, તેવી રીતે દેહમાં દેવ છે કે જે ત્રણ લોકમાં પ્રધાન છે એમ જાણો.

'હું જ પરમેશ્વર છું' એવી ભાવના જ મોક્ષનું કારણ છે :–

**ગાથા-૭૫**

जो जिण सो हउं सो जि हउं एहउ भाउ णिभंतु ।
मोक्खहं कारण जोइया अण्णु ण तंतु ण मंतु ॥

જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર.

હે યોગી! જે જિનદેવ છે તે હું છું, હું જિનદેવ જ છું એમ નિઃશંક ભાવ. એ મોક્ષનું કારણ છે. કોઈ અન્ય તંત્ર કે મંત્ર મોક્ષનું કારણ નથી.

લક્ષણથી પરમાત્માને જાણો :–

**ગાથા-૭૬**

बे ते चउ पंच वि णवहं सत्तहं छह पंचाहं ।
चउगुण-सहियउ सो मुणह एयइं लक्खण जाहं ॥

બે, ત્રણ, ચાર ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;
નવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર.

બે, ત્રણ, ચાર અને પાંચ, નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ જેનાં લક્ષણો છે તે પરમાત્માને જાણ.

રત્નત્રય નિર્વાણનું કારણ છે :–

## ગાથા-૭૭

बे छंडिवि बे-गुण-सहिउ जो अप्पाणि वसेइ ।
जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ ।।

બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમરસ લીન;
શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન.

રાગદ્વેષ એ બેનો ત્યાગ કરીને અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ બે ગુણોથી યુક્ત થઈને જે આત્મામાં વસે છે, તે શીઘ્ર જ નિર્વાણને પામે છે એ પ્રમાણે જિનસ્વામી કહે છે.

રત્નત્રય શાશ્વત સુખનું કારણ છે :–

## ગાથા-૭૮

तिहिं रहियउ तिहिं गुण-सहिउ जो अप्पाणि वसेइ ।
सो सासय-सुह-भायणु वि जिणवरु एम भणेइ ।।

ત્રણ રહિત ત્રણ ગુણ સહિત, નિજમાં કરે નિવાસ;
શાશ્વત સુખના પાત્ર તે, જિનવર કરે પ્રકાશ.

જે રાગદ્વેષમોહ એ ત્રણથી રહિત થઈને અને સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ ગુણોથી યુક્ત થઈને આત્મામાં વસે છે, તે જ શાશ્વત સુખનું ભાજન થાય છે એમ જિનવરદેવ કહે છે.

ચાર ગુણ સહિત આત્માને ધ્યાવ :-

**ગાથા-૭૯**

चउ-कसाय-सण्णा-रहिउ चउ-गुण-सहियउ वुत्तु ।
सो अप्पा मुणि जीव तुहुं जिम परु होहि पवित्तु ।।

કષાય સંજ્ઞા ચાર વિણ, જે ગુણ ચાર સહિત;
હે જીવ! નિજરૂપ જાણ એ, થઈશ તું પરમ પવિત્ર.

હે જીવ! જે ચાર કષાય અને ચાર સંજ્ઞાથી રહિત છે અને ચાર ગુણો(અનંત દર્શન, જ્ઞાન, સુખ અને વીર્ય એ ચાર ગુણો)થી યુક્ત છે, તે આત્મા છે એમ તું જાણ, કે જેથી તું પવિત્ર પરમાત્મા થશે.

દશ ગુણ સહિત આત્માને ધ્યાવો :-

**ગાથા-૮૦**

बे-पंचहं रहियउ मुणहि बे-पंचहं संजुत्तु ।
बे-पंचहं जो गुणसहिउ सो अप्पा णिरु वुत्तु ।।

દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી સંયુક્ત;
નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ.

જે દશથી રહિત, દશથી સહિત અને દશ ગુણોથી સહિત છે, તેને નિશ્ચયથી આત્મા કહ્યો છે.

આત્મા તપત્યાગાદિ છે :–

## ગાથા-૮૧

अप्पा दंसणु णाणु मुणि अप्पा चरणु वियाणि ।
अप्पा संजमु सील तउ अप्पा पच्चक्खाणि ॥

આત્મા દર્શન-જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ;
આત્મા સંયમ-શીલ-તપ, આત્મા પ્રત્યાખ્યાન.

આત્માને દર્શન અને જ્ઞાન જાણો; આત્માને ચારિત્ર જાણો; આત્માને સંયમ, શીલ અને તપ જાણો તથા આત્માને પ્રત્યાખ્યાન જાણો.

ખરો સંન્યાસ શું છે :–

## ગાથા-૮૨

जो परियाणइ अप्प परु सो परु चयइ णिभंतु ।
सो सण्णासु मुणेहि तुहुं केवल-णाणिं उत्तु ॥

જે જાણે નિજ આત્મને, પર ત્યાગે નિર્ભ્રાન્ત;
તે જ ખરો સંન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ.

જે પરમાત્માને જાણે છે, તે પરને નિઃસંશય છોડે છે. તેને જ તું ખરો સંન્યાસ જાણ એમ કેવળજ્ઞાની કહે છે.

રત્નત્રયયુક્ત જીવ ઉત્તમ તીર્થ છે :-

## ગાથા-૮૩

रयणत्तय-संजुत्त जिउ उत्तिमु तित्थु पवित्तु ।
मोक्खहं कारण जोइया अण्णु ण तंतु ण मंतु ।।

રત્નત્રયયુત જીવ જે, ઉત્તમ તીર્થ પવિત્ર;
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન તંત્ર ન મંત્ર.

હે યોગી! રત્નત્રયયુક્ત જીવ જે ઉત્તમ પવિત્ર તીર્થ છે, તે મોક્ષનું કારણ છે. અન્ય તંત્ર કે મંત્ર મોક્ષનું કારણ નથી.

રત્નત્રયનું સ્વરૂપ :-

## ગાથા-૮૪

दंसणु जं पिच्छियइ बुह अप्पा विमल महंतु ।
पुणु पुणु अप्पा भावियए सो चारित्त पवित्तु ।।

દર્શન જે નિજ દેખવું, જ્ઞાન જે વિમળ મહાન;
ફરી ફરી આતમભાવના, તે ચારિત્ર પ્રમાણ.

આત્મા નિર્મળ મહાન પરમાત્મા છે એમ શ્રદ્ધવું તે સમ્યગ્દર્શન છે અને એમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે તથા આત્માની વારંવાર ભાવના કરવી તે પવિત્ર ચારિત્ર છે.

જ્યાં ચેતન ત્યાં ગુણ :-

**ગાથા-૮૫**

जहिं अप्पा तहिं सयल-गुण केवलि एम भणंति ।
तिहिं कारणएं जोइ फुडु अप्पा विमलु मुणंति ।।

જ્યાં ચેતન ત્યાં સકલ ગુણ, કેવળી એમ વદંત;
તેથી યોગી નિશ્ચયે, શુદ્ધાત્મા જાણંત.

જ્યાં આત્મા છે ત્યાં સમસ્ત ગુણો છે એમ કેવલી કહે છે; તેથી યોગીઓ નિશ્ચયથી નિર્મળ આત્માને જાણે છે.

એક આત્માને જાણો :-

**ગાથા-૮૬**

एक्कलउ इंदिय-रहियउ मण-वय-काय-ति-सुद्धि ।
अप्पा अप्पु मुणेहि तुहुं लहु पावहि सिव-सिद्धि ।।

એકાકી, ઇન્દ્રિયરહિત, કરી યોગત્રય શુદ્ધ;
નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ.

હે આત્મા! એકાકી ઇન્દ્રિયરહિત એવો તું મન, વચન અને કાયાની શુદ્ધિથી આત્માને જાણ; તો તું શીઘ્ર જ મોક્ષસિદ્ધિને પામશે.

સહજ સ્વરૂપમાં રમણ કર :–

### ગાથા-૮૭

जइ बद्धउ मुक्कउ मुणहि तो बंधियहि णिभंतु ।
सहज-सरूवइ जइ रमहि तो पावहि सिव सन्तु ॥

બંધ-મોક્ષના પક્ષથી, નિશ્ચય તું બંધાય;
સહજ સ્વરૂપે જો રમે, તો શિવસુખરૂપ થાય.

જો તું બંધમોક્ષની કલ્પના કરશે (આત્મા બંધાયો, આત્મા છૂટ્યો એવા વિકલ્પ કરશે) તો નિઃસંશય તું બંધાશે. જો સહજ સ્વરૂપમાં તું રમણ કરશે તો તું શાંત અને શિવ એવા પરમાત્માને પામશે.

સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે :–

### ગાથા-૮૮

सम्माइट्ठी-जीवडहं दुग्गइ-गमणु ण होइ ।
जइ जाइ वि तो दोसु णवि पुव्व-क्किउ खवणेइ ॥

સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;
કદી જાય તો દોષ નહિ, પૂર્વકર્મ ક્ષય થાય.

સમ્યગ્દષ્ટિ જીવ દુર્ગતિમાં જતા નથી. જો કદાચિત્ જાય તો દોષ નથી (હાનિ નથી, કારણ કે) તે પૂર્વે બાંધેલાં કર્મનો ક્ષય કરે છે.

જે સ્વરૂપમાં રમે તે જ શીઘ્ર ભવપાર પામે :-

**ગાથા-૮૯**

अप्प-सरूवहं (-सरूवइ?) जो रमइ छंडिवि सहु ववहारु ।
सो सम्माइट्ठी हवइ लहु पावइ भवपारु ।।

આત્મસ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર;
સમ્યગ્દષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર.

જે સર્વ વ્યવહારને ત્યાગીને આત્મસ્વરૂપમાં રમે છે તે સમ્યગ્દષ્ટિ છે અને તે શીઘ્ર જ ભવપારને પામે છે.

સમ્યગ્દષ્ટિ જ ખરો પંડિત છે :-

**ગાથા-૯૦**

जो सम्मत्त-पहाण बुहु सो तइलोय-पहाणु ।
केवल-णाण वि लहु लहइ सासय-सुक्ख-णिहाणु ।।

જે સમ્યક્ત્વ પ્રધાન બુધ, તે જ ત્રિલોક પ્રધાન;
પામે કેવલજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન.

જે સમ્યક્ત્વપ્રધાન પંડિત છે, તે ત્રણ લોકમાં પ્રધાન છે. તે શીઘ્ર જ શાશ્વત સુખના નિધાન એવા કેવળજ્ઞાનને પણ પામે છે.

આત્મસ્થિરતા તે સંવરનિર્જરાનું કારણ છે :-

## ગાથા-૬૧

अजरु अमरु गुण-गण-णिलउ जहिं अप्पा थिरु ठाइ ।
सो कम्मेहिं ण बंधियउ संचिय-पुव्व विलाइ ।।

અજર, અમર, બહુ ગુણનિધિ, નિજરૂપે સ્થિર થાય;
કર્મબંધ તે નવ કરે, પૂર્વબદ્ધ ક્ષય થાય.

અજર, અમર અને ગુણોના ભંડારરૂપ આત્મામાં જે આત્મા સ્થિર રહે છે તે કર્મોથી બંધાતો નથી અને પૂર્વે સંચિત કરેલાં કર્મનો નાશ થાય છે.

આત્મસ્વભાવમાં રત જીવ કર્મથી બંધાતો નથી :-

## ગાથા-૬૨

जह सलिलेण ण लिप्पियइ कमलणि-पत्त कया वि ।
तह कम्मेहिं ण लिप्पियइ जइ रइ अप्प-सहावि ।।

પંકજ જ્યમ પાણી થકી, કદાપિ નહિ લેપાય;
લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ.

જેવી રીતે કમલપત્ર કદી પણ જલથી લેપાતું નથી, તેવી રીતે જો આત્મસ્વભાવમાં રતિ હોય તો કર્મોથી જીવ લેપાતો નથી.

વારંવાર આત્મામાં રમનારો શીઘ્ર નિર્વાણને પામે છે :-

**ગાથા-૯૩**

जो सम-सुक्ख-णिलीणु बुहु पुण पुण अप्पु मुणेइ ।
कम्मक्खउ करि सो वि फुडु लहु णिव्वाणु लहेइ ॥

શમ સુખમાં લીન જે કરે, ફરી ફરી નિજ અભ્યાસ;
કર્મક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ.

શમ અને સુખમાં લીન થઈને જે જ્ઞાની વારંવાર આત્માને જાણે છે, તે નિશ્ચયથી કર્મનો ક્ષય કરી શીઘ્ર જ નિર્વાણને પામે છે.

આત્માને અનંત ગુણમય ધ્યાવો :-

**ગાથા-૯૪**

पुरिसायार-पमाणु जिय अप्पा एहु पवित्तु ।
जोइज्जइ गुण-गण-णिलउ णिम्मल-तेय-फुरंतु ॥

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ;
નિર્મળ તેજોમય અને અનંત ગુણગણધામ.

હે જીવ! આ આત્મા પુરુષાકારપ્રમાણ, પવિત્ર ગુણોના ભંડારરૂપ અને નિર્મળ તેજથી સ્ફુરાયમાન દેખાય છે.

ભેદવિજ્ઞાની સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે :–

**ગાથા-૯૫**

जो अप्पा सुद्धु वि मुणइ असुइ-सरीर-विभिण्णु ।
सो जाणइ सत्थइं सयल सासय-सुक्खहं लीणु ॥

જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન.

જે શુદ્ધ આત્માને અશુચિ શરીરથી ભિન્ન જ જાણે છે, તે સકલ શાસ્ત્રોને જાણે છે અને તે શાશ્વત સુખમાં લીન થાય છે.

આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન વ્યર્થ છે :–

**ગાથા-૯૬**

जो णवि जाणइ अप्पु परु णवि परभाउ चएइ ।
सो जाणउ सत्थइं सयल ण हु सिवसुक्खु लहेइ ॥

નિજ પરરૂપથી અજ્ઞ જન, જે ન તજે પરભાવ;
જાણે કદી સૌ શાસ્ત્ર પણ, થાય ન શિવપુર રાવ.

જે પરમાત્માને જાણતો નથી અને પરભાવને છોડતો નથી; તે ભલે સર્વ શાસ્ત્રો જાણે, પણ તે નિશ્ચયથી શિવસુખને પામતો નથી.

પરમ સમાધિ શિવસુખનું કારણ છે :—

## ગાથા-૯૭

विज्जय सयल-वियप्पइं परम-समाहि लहंति ।
जं विंदहिं साणंदु क वि सो सिव-सुक्ख भणंति ।।

તજી કલ્પનાજાળ સૌ, પરમ સમાધિલીન;
વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન.

સમસ્ત વિકલ્પોથી રહિત જે પરમ સમાધિ પામે છે અને જે આનંદ સહિત વેદે છે, તેને શિવસુખ કહે છે.

આત્મધ્યાન પરમાત્મપદ પામવાનું કારણ છે :—

## ગાથા-૯૮

जो पिंडत्थु पयत्थु बुह रूवत्थु वि जिण-उत्तु ।
रूवातीतु मुणेहि लहु जिम परु होहि पवित्तु ।।

જે પિંડસ્થ, પદસ્થ ને રૂપસ્થ, રૂપાતીત;
જાણી ધ્યાન જિનોક્ત એ, શીઘ્ર બનો સુપવિત્ર.

હે જ્ઞાની! જિન ભગવાને કહેલ જે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારનાં ધ્યાન છે, તેને તું જાણ કે જેથી તું શીઘ્ર જ પવિત્ર પરમાત્મા થશે.

સમતાભાવે સર્વ જીવને જ્ઞાનમય જાણવા તે સામાયિક છે :–

### ગાથા-૯૯

सव्वे जीवा णाणमया जो सम-भाव मुणेइ ।
सो सामाइउ जाणि फुडु जिणवर एम भणेइ ॥

સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ.

સર્વ જીવો જ્ઞાનમય છે એવો જે સમભાવ છે, તેને નિશ્ચયથી સામાયિક જાણો એમ જિનવરદેવ કહે છે.

રાગદ્વેષનો ત્યાગ કરવો તે સામાયિક છે :–

### ગાથા-૧૦૦

राय-रोस बे परिहरिवि जो समभाउ मुणेइ ।
सो सामाइउ जाणि फुडु केवलि एम भणेइ ॥

રાગ-દ્વેષ બે ત્યાગીને, ધારે સમતાભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ.

રાગદ્વેષ એ બન્નેને છોડીને જે સમભાવ થાય છે, તેને નિશ્ચયથી સામાયિક જાણો એમ જિનવરદેવ કહે છે.

છેદોપસ્થાપના ચારિત્ર :-

**ગાથા-૧૦૧**

हिंसादिउ-परिहारु करि जो अप्पा हु ठवेइ ।
सो बियऊ चारित्तु मुणि जो पंचम-गइ णेइ ।।

હિંસાદિકના ત્યાગથી, આત્મસ્થિતિકર જેહ;
તે બીજું ચારિત્ર છે, પંચમગતિ કર તેહ.

હિંસાદિકનો ત્યાગ કરીને જે નિશ્ચયથી આત્માને સ્થિર કરે છે, તેને બીજું (છેદોપસ્થાપના) ચારિત્ર જાણો કે જે મોક્ષગતિમાં લઈ જાય છે.

પરિહારવિશુદ્ધિ ચારિત્ર :-

**ગાથા-૧૦૨**

मिच्छादिउ जो परिहरणु सम्मद्दंसण-सुद्धि ।
सो परिहार-विसुद्धि मुणि लहु पावहि सिव-सिद्धि ।।

મિથ્યાત્વાદિક પરિહરણ, સમ્યગ્દર્શનશુદ્ધિ;
તે પરિહારવિશુદ્ધિ છે, શીઘ્ર લહો શિવસિદ્ધિ.

જે મિથ્યાત્વાદિના ત્યાગરૂપ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ છે, તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર જાણો કે જેથી તું શીઘ્ર જ શિવસિદ્ધિને પ્રાપ્ત કરશે.

યથાખ્યાત ચારિત્ર :-

## ગાથા-૧૦૩

सुहुमहं लोहहं जो विलउ जो सुहुमु वि परिणामु ।
सो सुहुमु वि चारित्त मुणि सो सासय-सुह-धामु ॥

સૂક્ષ્મ લોભના નાશથી, જે સૂક્ષ્મ પરિણામ;
જાણો સૂક્ષ્મ-ચારિત્ર તે, જે શાશ્વત સુખધામ.

સૂક્ષ્મ લોભનો જે નાશ થવો, (અર્થાત્) જે સૂક્ષ્મ (વીતરાગ) પરિણામ થવાં, તેને સૂક્ષ્મ (યથાખ્યાત) ચારિત્ર જાણો. તે શાશ્વત સુખનું ધામ છે.

આત્મા જ પંચપરમેષ્ઠી છે :-

## ગાથા-૧૦૪

अरहंतु वि सो सिद्धु फुडु सो आयरिउ वियाणि ।
सो उवझायउ सो जि मुणि णिच्छइं अप्पा जाणि ॥

આત્મા તે અર્હંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ;
આચારજ, ઉવઝાય ને, સાધુ નિશ્ચય તે જ.

નિશ્ચયથી આત્મા જ અર્હંત છે, તે જ સિદ્ધ છે અને તે જ આચાર્ય છે એમ જાણો; તે જ ઉપાધ્યાય છે અને તે જ મુનિ છે એમ જાણો.

આત્મા જ બ્રહ્મા વિષ્ણુ મહેશ છે :–

## ગાથા-૧૦૫

सो सिउ संकरु विण्हु सो सो रुद्द वि सो बुद्धु ।
सो जिणु ईसरु बंभु सो सो अणंतु सो सिद्धु ॥

તે શિવ, શંકર, વિષ્ણુ ને, રુદ્ર, બુદ્ધ પણ તે જ;
બ્રહ્મા, ઈશ્વર, જિન તે, સિદ્ધ અનંત પણ તે જ.

તે જ શિવ છે, તે જ શંકર છે, તે જ વિષ્ણુ છે, તે જ રુદ્ર છે, તે જ બુદ્ધ છે, તે જ જિન છે, તે જ ઈશ્વર છે, તે જ બ્રહ્મા છે, તે જ અનંત છે અને તે જ સિદ્ધ છે.

દેહમાં રહેલા આત્મા અને પરમાત્મામાં કાંઈ પણ તફાવત નથી :–

## ગાથા-૧૦૬

एव हि लक्खण-लखियउ जो परु णिक्कलु देउ ।
देहहं मज्झहिं सो वसइ तासु ण विज्जइ भेउ ॥

એવાં લક્ષણયુક્ત જે, પરમ વિદેહી દેવ;
દેહવાસી આ જીવમાં, ને તેમાં નથી ફેર.

આ રીતે લક્ષણોથી લક્ષિત જે નિષ્કલ પરમાત્મા દેવ છે અને જે દેહમાં વસે છે, તે બન્નેમાં કોઈ ભેદ નથી.

આત્મદર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે :-

### ગાથા-૧૦૭

जे सिद्धा जे सिज्झिहिहिं जे सिज्झहिं जिण-उत्तु ।
अप्पा-दंसणिं ते वि फुडु एहउ जाणि णिभंतु ॥

જે સિદ્ધયા ને સિદ્ધશે, સિદ્ધ થતા ભગવાન;
તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત.

જે સિદ્ધ થયા છે, જે સિદ્ધ થશે અને જે સિદ્ધ થાય છે; તેઓ પણ નિશ્ચયથી આત્મદર્શનથી જ સિદ્ધ થયા છે એમ જિનવરદેવે કહ્યું છે, એ નિઃસંશય જાણો.

ગ્રંથરચનાનું પ્રયોજન :-

### ગાથા-૧૦૮

संसारह भय-भीयएण जोगिचंद-मुणिएण ।
अप्पा-संबोहण कया दोहा इक्क-मणेण ॥

સંસારે ભયભીત જે, યોગીન્દુ મુનિરાજ;
એકચિત્ત દોહા રચે, નિજ સંબોધન કાજ.

સંસારથી ભયભીત એવા યોગીચંદ્ર મુનિએ આત્મ-સંબોધનને માટે એકાગ્ર મનથી આ દોહાની રચના કરી છે.

## વિશેષ નોંધ

## વિશેષ નોંધ

## વિશેષ નોંધ

## વિશેષ નોંધ